| Publication – Western Times | Page No. 02 |
|---|---|
| Edition – Ahmedabad | Date – 14.11.20 |

# NEPRA works with the motto of 'Zero waste to landfill'

## નેપ્રો ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલના ધ્યેય સાથે કાર્યરત

**અમદાવાદ,**
નેપ્રા (NEPRA) ભારતના સુકા કચરા વ્યવસ્થાપનની સમસ્યાનું સમાવેશી, પારદર્શક અને ટેક-આધારિત સામાજિક-વ્યવસાયિક મોડેલ દ્વારા નિરાકરણ લાવવાના પ્રયત્નો કરે છે. નેપ્રાની કચરો વ્યવસ્થાપન સેવાઓ અદ્યતન મટીરિયલ રિકવરી ફેસિલીટીઝનું સર્જન કરીને પર્યાવરણીય પાલન સલાહકાર, સંગ્રહ, વેસ્ટ પ્રોસેસ અને રિસાયક્લીંગ દ્વારા આખા ભારતમાં ફેલાયેલી છે. નેપ્રા ભારતીય કચરો વ્યવસ્થાપન ક્ષેત્રે પડકારોને એક પછી એક 'ઈનોવેટ એન્ડ ઈમ્પ્રુવિઝહ્ લ ની સરળ વ્યૂહરચના દ્વારા દૂર કરી રહી છે, નેપ્રા 'ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલહ્ લ ના ધ્યેય સાથે કામ કરે છે.



નેપ્રા શહેર-કક્ષાની કચરો વ્યવસ્થાપન સેવાઓમાં કાર્યરત છે, જેમાં જાગૃત્તિથી લઈને ઘણા મોટા અને નાનો કચરો પેદા કરનારાઓથી સોર્ટીંગ સુધી (કચરના પ્રકાર અનુસાર) તેનું તેના મિકનાઈઝ્ડ મટિરીલ રિસવરી ફેસિલીટીઝ (સ્ઈહ્ઢ) અને અંતે રિસાયકલ કરવાનો સમાવેશ થાય છે. રિસાયક્લેબલસ્વરૂપમાં પ્રોસેસ કરાયેલ કચરાનું રિયસાયક્લર્સને નવી વપ્રોડક્ટસ શોધવા માટે અને નોન-રિસાયક્લેબલ્સને ઉર્જા પ્રાપ્તિ માટે આગળ ધપાવવામાં આવે છે. નેપ્રાનું મોડેલ તેના અનેક મુખ્ય હિસ્સાધારકોમાંથી એક તરીકે ઔપચારીક ક્ષેત્ર ( કચરો વીણનારાઓ, વાળનારાઓ અને અન્ય ઈકોનોમિક પિરામીડના તળીયાના અન્ય લોકો)નું સર્જન કરે છે. તે અસંગઠિત કચરા સંચાલનને સંગઠિત થવામાં મદદ કરે છે અને જે રીતે કચરો એકત્ર કરવામાં આવે છે અને નાખવામાં આવે છે તેમાં વિવિધ ટેકનોલોજીઓ જેમ કે જીપીએસ, ફેસિયલ રેકોગ્નીશન દ્વારા પરિવર્તન લાવે છે જે તેને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવે છે. ફેસિયલ રેકોગ્નીશન દ્વારા નેપ્રાએ તે જ્યાં કામ કરે છે ત્યાં કચરો વીણનારોને સૌપ્રથમ ડેટાબેઝ તૈયાર કરવામાં મદદ કરી છે. તેણે કચરો વીણનારાઓને વાજબી અને સમાન ચૂકવણીઓ મળી રહે તેની ખાતરી કરીને શોષણ નિયંત્રિત કરવામાં મદદ કરી છે, જેમાં તેમને નેપ્રાના સ્ઈહ્ઢ સવલતોમાં તાલીમ અને રોજગારી આપવામાં આવે છે જે તેમને આર્થિક સુરધા પ્રદાન કરે છે.

નેપ્રાએ અત્યાર સુધીમાં ૨૦૦૦થી વધુ કચરો વીણનારાઓને સાંકળી લીધા છે. મલ્ટી લેયર્ડ પેકેજિંગ માટે નેપ્રા ભારતમાં ૧૮ રાજ્યોમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ નાના કચરા સંચાલન એનજીઓ ઉત્થાન અથવા સ્ટાર્ટઅપ્સ સાથે જોડાણ ધરાવે છે. છેલ્લા એક વર્ષમાં નેપ્રાએ ૪૦ સ્થાનિક સરકારી ઓથોરિટીઓ સાથે કામ કર્યુ છે. છેલ્લા બે વર્ષમાં નેપ્રાએ ૬૭૧૦૮.૯૩ એમટી સૂકા કચરાનું સફળતાપૂર્વક રિસાયક્લીગ કર્યુ છે.